# ગુજરાત પ્રદેશ લઘુ ઉદ્યોગ ભારતી સંગઠનના હોદ્દેદારો નિમાયા



તલોદ, તા.૨૫

તાજેતર માં તલોદ ખાતે ગુજરાત પ્રદેશ લઘુ ઉધોગ ભારતી સંગઠન ની એક બેઠક નુ ગત તા ૨૩ જુલાઈ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત લઘુ ઉધોગ ભારતી ના પ્રદેશ પ્રમુખ તરીકે તલોદ જી આઇ ડી સી ના જયેશ ભાઈ પંડ્યા ની નિમણુંક કરવામાં આવી હતી તેમજ પ્રદેશ સહમંત્રી તરીકે તલોદ જી આઇ ડી સી ના વાસાણી ગ્રુપ ના મહેશ ભાઈ વાસાણી તથા મજરા રોડ પર આવેલ કરણી કલોથીંગ ના જીતુ સિહ કરણી ની નિમણુંક કરવામાં આવી હતી જ્યારે લઘુ ઉધોગ ભારતી સાબરકાંઠા જિલ્લાના મહામંત્રી તરીકે તલોદ જી આઇ ડી સી ના અને ટ્રિનિટી સ્કૂલ ના ટ્રસ્ટી ડો કિરીટ ભાઈ પટેલ ની નિમણુંક કરવામાં આવી હતી અત્રે નોંધનીય છે કે લઘુ ઉધોગ ભારતી એ ઉધોગ હિત દ્વારા રાષ્ટ્ર હિત માટે કાર્ય કરતું સમગ્ર રાષ્ટ્ર માં ફેલાયેલ સૌથી મોટું ઔધોગિક સંગઠન છે આમ લઘુ ઉધોગ ભારતી ગુજરાત પ્રદેશ સંગઠનમાં તલોદ જી આઇ ડી સી ખાતે ના ઉધોગ કારો ને ખુબજ મહત્વનું પ્રતિનિધિત્વ મળ્યું છે એ તલોદ જી આઇ ડી સી માટે ગૌરવ ની વાત છે લઘુ ઉધોગ ભારતી ના માધ્યમથી તલોદ જી આઇ ડી સી ના સૂક્ષ્મ અને ઔધોગિક પ્રશ્નો ની સરકાર માં સચોટ રજૂઆત કરી તેના ઉકેલ માટે નવનિયુક્ત ટીમ પાસે તલોદ ના ઔધોગિક એકમો ને સરળતા રહેશે એવી આશા સાથે તમામની નિમણુંક ને આવકારી અભિનંદન પાઠવ્યા હતા

### વરસાદની હેલીથી મકાનોના પાયા હચમચ્યા

# પ્રાંતવેલમાં મકાનની દિવાલ ધરાશાયી થતાં દટાયેલા વૃદ્ધનું મોત : માથાના ભાગે થયેલ ઈજા જીવલેણ નિવડી



બાયડ, તા.૨૫

બાયડ તાલુકાના પ્રાંતવેલ ગામે વરસાદ સમયે કાચા મકાનની દિવાલ ધરાશાયી થતાં ૭૦ વર્ષિય વૃદ્ધ દિવાલના કાટમાળ નીચે દબાઈ જતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા પછી મોત નિપજ્યું છે. વૃદ્ધને માથાના ભાગે થયેલ ઈજા જીવલેણ નિવડી છે. બનાવ અંગે સાઠંબા પોલીસને જાણ કરવામાં આવી છે. સતત વરસાદની હેલીથી પૂર્વ પટ્ટામાં અનેક કાચાં-પાકાં મકાનોના પાયા હચમચી રહ્યા છે.

ચોમાસાના ધોધમાર વરસાદના કારણે કાચા મકાનોના પાયા હચમચવા લાગતાં મકાનો પડવાથી અનેક પરિવારો ઘરવિહોણા બન્યા છે તો કેટલાક વિસ્તારોમાં મકાનની દિવાલો કડડભૂસ થતાં જીવલેણ હાદસા પણ સામે આવી રહ્યા છે. તાલુકાના પ્રાંતવેલ ગામે તા.૨૩ના રોજ સાંજના સમયે વજાભાઈ પનાભાઈ ખાંટના કાચા મકાનની દિવાલો વરસાદના કારણે હચમચી હતી. દરમ્યાન સાંજના સમયે ૭૦ વર્ષિય વજાભાઈ ખાંટ ઉપર દિવાલ અચાનક ખાબકતાં તેઓ દિવાલ નીચે દટાયા હતા. પરિવારજનો દ્વારા તાત્કાલિક તેમને ઈમરજન્સી-૧૦૮ દ્વારા સારવાર માટે વાત્રક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ ત્યારબાદ ઈજાગ્રસ્ત વૃદ્ધનું મોત નિપજ્યું હતું.

ઓપરેશનના બદલે વૃદ્ધને ઘરે લઈ જવાતાં જીવ ગુમાવ્યો : બાયડ તાલુકાના પ્રાંતવેલમાં કાચા મકાનની દિવાલ ધરાશાયી થવાથી વૃદ્ધનું મોત નિપજ્યું છે ત્યારે હાદસા સમયે ઈમરજન્સી- ૧૦૮ દ્વારા વૃદ્ધને સારવાર માટે વાત્રક હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ગંભીર ઈજાના કારણે ઓપરેશન કરવું જરુરી હતું પરંતુ ડૉકટરની સલાહને અવગણી પરિવારજનો દ્વારા ઘરે લઈ જવાયા બાદ મોત નિપજયાનું બહાર આવ્યું છે.

### કોરોના સાથે હૃદયરોગના હુમલાને કનેક્શનની ફરી ચર્ચા

# મોડાસા તાલુકાના ઈટાડીના ૨૬ વર્ષના પશુધન નિરીક્ષકનું હૃદયરોગના હુમલાથી મોત

### હૃદયરોગના હુમલા વધતાં પ્રજામાં ચિંતાનો માહોલ

બાયડ, તા.૨૫

કોરોના કાળ પછી હૃદયરોગના હુમલા યુવાનોને ભરખી રહ્યા છે. મોડાસા તાલુકાના ઈટાડીના ૨૬ વર્ષના પશુધન નિરીક્ષકનું હૃદયરોગના હુમલાથી ફરજના સ્થળે મોત નિપજતાં સમગ્ર મોડાસા તાલુકામાં શોક છવાયો છે. યુવાનોમાં હૃદયરોગના હુમલા વધતાં ચિંતા વધી છે. અરવલ્લી જિલ્લામાં પાછલા ૨ મહિનામાં હૃદયરોગ હુમલા ૭ યુવાનોને ભરખી ગયા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોના કાળ પછી હૃદયરોગના હુમલાનું પ્રમાણ વધતાં ભારતીય જનતા પાર્ટી તેમજ ગુજરાત પોલીસે પણ હૃદયરોગના હુમલા આવે તો દર્દીઓને કેવી રીતે બચાવી શકાય તે માટે વિશેષ તાલીમ આપી હતી. અરવલ્લી જિલ્લામાં પાછલા ૨-૩ મહિનાથી હૃદયરોગના હુમલાના બનાવ ખાસ કરીને



યુવાનોમાં વધ્યા છે. મોડાસા તાલુકાના ઈટાડીના અને નર્મદા જિલ્લાના બજેઠા ગામમાં પશુધન નિરીક્ષક તરીકે ફરજ બજાવતા અસીત વિનોદભાઈ પટેલને ગત રોજ ૧૨-૦૦ વાગે એકાએક છાતીમાં દુખાવો ઉપડ્યો અને તાબડતોબ સારવાર માટે રાજપીપળાની સરકારી મેડીકલ કોલેજમાં ખસેડવામાં આવ્યા પરંતુ હૃદયરોગનો હુમલો પ્રાણઘાતક સાબિત થયો. દુધમલ જેવા યુવાનનું હૃદયરોગના હુમલામાં મોત નિપજતાં પટેલ પરિવાર ઉપર વજ્રઘાતની સ્થિતિ જોવા મળી. જ્યારે ૨ દિવસ અગાઉ બાયડ તાલુકાના રડોદરાના પ્રા.શિક્ષકને પણ હૃદયરોગનો હુમલો આવતાં તાબડતોબ સારવાર મળતાં બચાવી શકાય છે. અરવલ્લી જિલ્લામાં યુવાનોમાં હૃદયરોગના હુમલાનું પ્રમાણ હવે ચિંતાનો વિષય બન્યું છે.

# ધંબોલીયા ગામમાં વારંવાર વિવિધ મંદિરોમાં તસ્કરો ત્રાટક્યા

### પોલીસ પેટ્રોલિંગ વધારવાની તાતી જરૂરિયાત, સમગ્ર ઘટના CCTVમાં કેદ






મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મંદિરમાં ચોરી કરતી અનેક ગેંગ સક્રિય છે ભિલોડા તાલુકાના ધંબોલીયા ગામમાં આવેલ મંદિરોમાં તસ્કર ટોળકી ત્રાટકતા ગામના યુવકે મંદિરમાં ચોરી કરનાર ગેંગના ચોરને પડકારી ઝડપી પાડતા અન્ય ચોરે યુવક પર હુમલો કરી છોડાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો બુમાબુમ થતા અન્ય ગામલોકો દોડી આવતા એક ચોર ફરાર થઇ ગયો હતો ધંબોલીયા ગામના યુવકે ઝડપેલ ચોરને શામળાજી પોલીસને સોંપી દેતા શામળાજી પોલીસે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં હથિયારધારી તસ્કર ટોળકી સક્રિય રહેતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ધંબોલીયા ગામમાં શ્રી ગોગાજી મહારાજ મંદિરમાં મધ્ય રાત્રે હથીયારધારી તસ્કર ટોળકી ત્રાટકતા સી.સી.ટી.વી કેમેરામાં બે તસ્કરો કેદ થઈ ગયા હતા.એકંદરે તસ્કરોનો ચોરીનો ફેરો નિષ્ફળ રહ્યો હતો.તસ્કરો જયારે શ્રી ગોગાજી મહારાજ મંદિર નો દરવાજો મધ્ય રાત્રે તોડી રહ્યા હતા તે દરમિયાન ધંબોલીયા ગામનો એક જાગૃત યુવાન રાત્રી દરમિયાન ભર ઉંઘ માંથી જાગી જતા બાહોશ યુવાને ચોરને પકડવાનો પ્રયાસ કરતા ચોર ઈસમે હથીયાર વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો પરંતુ અત્રે ઉલ્લેખનિય છે કે, આસપાસના લોકો રાત્રી દરમિયાન ભેગા થઈ જતા ચોરને ગણતરીની મિનિટોમાં ઝડપી લઈ શામળાજી પોલીસના હવાલે કર્યો હતો.પોલીસે અંબાજી વિસ્તારના ઝાલાભાઈ બગજીભાઈ નટ ને લોક અપના હવાલે કર્યો હતો.એક ચોર ઈસમ પલાયન થઈ જતા ભમરીયાભાઈ ટોપાભાઈ નટ ને વહેલી તકે ઝડપી પાડવા માટે પોલીસે તેજગતિએ ચક્રો ગતિમાન કર્યા છે.હથીયારધારી તસ્કર ટોળકીના સાગરીતો પલાયન થઈ જવામાં સફળ રહ્યા હતા.

ધંબોલીયા ગામમાં શ્રી ગોગાજી મહારાજ મંદિર, શ્રી નાગણેશ્વરી માતાજી મંદિર સહિત શ્રી આશાપુરા માતાજી મંદિર સહિત વિવિધ મંદિરોમાં અજાણ્યા તસ્કરોએ ભુતકાળમાં ચોરીઓને અંજામ આપ્યો હતો.જાગૃત ગ્રામજનોએ ચોર ઈસમોને ઝડપી પોલીસના હવાલે કર્યા પણ હતા પરંતુ પોલીસ ધ્વારા આજ દિન સુધીમાં કોઈ જ હકારાત્મક ન્યાયિક કાર્યવાહી હાથ ન ધરાતા ધંબોલીયા ગામના જાગૃત ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# મોટા ચિલોડાથી વાયા હિંમતનગર-શામળાજી હાઈવે પર મંથર ગતીએ વિકાસ કાર્યોથી વાહન ચાલકો ત્રાહિમામ

### ડાયવર્ઝન અને સર્વિસ રોડની સ્થિતિ અત્યંત બદતર... : માર્ગ પર અસંખ્ય મોટા ખાડાથી વાહન અકસ્માતોનું જોખમ... : પ્રાંતિજ, હિંમતનગર, ગાંભોઈ, રાયગઢ ઓવરબ્રિજના કામો લાંબા સમયે પછી પણ અધૂરા...





ગાંભોઈ, તા.૨૫

સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતાં મોટા ચિલોડાથી વાયા હિંમતનગર શામળાજી ફોરલેન હાઈવે નંબરઃ-૮નું વિસ્તૃતિકરણ કરી સિક્સલેન કરવાની કામગીરી છેલ્લા પાંચ વર્ષથી મંથરગતિએ ચાલતા હાઈવે પર આવેલ પ્રાંતિજ, હિંમતનગર, ગાંભોઈ અને રાયગઢ સહિતના નાના-મોટા ઓવરબ્રીજના કામો દરમિયાન ઓવરબ્રિજની આસપાસના સર્વિસ માર્ગો તૂટી ગયેલી હાલતમાં અસંખ્ય ખાડાઓ તેમજ ઉખડી ગયેલી કપચીના કારણે અત્યંત બિસ્માર બની જતા હાઇવે માર્ગની આસપાસના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના નાગરિકો અને વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. આ અંગે જિલ્લા વહીવટીતંત્ર સમક્ષ રજૂઆતના પગલે સ્થાનિક હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલા, જિલ્લા ભાજપા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ સદસ્ય ગણપતભાઈ પટેલ તેમજ અતુલભાઈ દીક્ષિત સહિત જિલ્લાના રાજકીય આગેવાનોની ટીમ હાઈવે માર્ગ પર આવેલ તમામ ઓવરબ્રિજ અને સર્વિસ માર્ગોનો સ્થળ પર નિરીક્ષણ કરી ગુણવત્તાની ચકાસણી કરી હતી. તેમજ ઓવરબ્રિજની આસપાસના બની ગયેલા સર્વિસ માર્ગોનો તાત્કાલિક સમારકામ કરાવવા હાઈવે ઓથોરિટી પ્રોજેક્ટ એજન્સી ઈજારાદારને સૂચના આપી બાકીના વિકાસ કામોની ચાલતી કામગીરી ઝડપભેર પૂર્ણ કરવા જણાવ્યું હતું.

**વર્ષ ૨૦૧૮માં હાઇવે વાઈડનીંગ પ્રોજેક્ટ હાથ ધરાયો હતો...**

ચિલોડાથી વાયા હિંમતનગર શામળાજી ૯૩.૨૧૦ કી.મી. ફોરલેન નેશનલ હાઈવેનું વિસ્તૃતિકરણ કરી સિક્સલેનમાં પરિવર્તન કરવા વર્ષ ૨૦૧૮માં રૂ.૩૧૯૨ કરોડના ખર્ચે હાઈવે વાઈડનીંગ પ્રોજેક્ટ હાથ ધરાયો હતો ત્યારબાદ તેમાં રૂ.૧૩૬૧ કરોડના ખર્ચે મોટા ચિલોડાથી નરોડા(અમદાવાદ) સિક્સલેન પ્રોજેક્ટ ઉમેરાયો હતો. પ્રોજેક્ટને બે ભાગમાં વહેંચી નાખવામાં આવ્યો હતો. જે પૈકી શામળાજીથી ઉદેપુર સિક્સલેનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે પરંતુ મોટા ચિલોડાથી શામળાજીની કામગીરી અગમ્ય કારણોસર છેલ્લા પાંચ વર્ષથી મંથર ગતિએ ચાલવાના કારણે હજુ પૂર્ણ થઈ નથી.

આ અંગે ગાંભોઈના અગ્રણી વેપારી ભગવાનદાસ ચૌધરી જણાવેલ કે હાઈવે માર્ગ પર આવતા ગ્રામ્ય વિસ્તારની જનતા માટે નાગરિકો અને નાના વાહનો માટે રોડ ક્રોસ કરવા ઓવરબ્રિજના બંને છેડે અંડર પાસ બ્રિજ બનાવાયા છે જેમાં અવરજવર ન થઈ શકે તેવા બિસ્માર હાલતમાં છે. સિક્સલેનની ચાલી રહેલી કામગીરી દરમિયાન અનેક સ્થળે ડાયવર્ઝન માટે યોગ્ય દિશા, નિર્દશન કે માર્ગદર્શન માટેની સૂચનાઓ તેમજ ઈન્ડિકેટર કે સાઈન બોર્ડ અથવા ચેતવણી સૂચક સિગ્નલ્સના અભાવના કારણે આ હાઈવે માર્ગ પર વારંવાર વાહન ચાલકો ગંભીર અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

# ધાનેરા તાલુકામાં અપક્ષ ધારાસભ્ય છે પરંતુ ચૂંટણી પહેલા ગરજ્યા તેવા વરસ્યા નહીં તેવી સ્થિતિ

### બસ સ્ટેન્ડ ઉમિયા નગર તુલસી નગરમાં પાણી ભરાવાની ખૂબ જ સમસ્યા છે છતાં ધારાસભ્ય કોઈ ધ્યાન આપતા નથી : જો ધારાસભ્ય લોકોના હિત માટે કામ નહીં કરે તો પાંચ વર્ષ જતા વાર નહીં લાગે



ધાનેરા તા.૨૫

ધાનેરા તાલુકામાં કહેવાય છે કે આગળના ધારાસભ્યશ્રી એ કોઈ ધાનેરા તાલુકામાં વિકાસ કામો કરેલ નથી તેથી લોકોએ અપક્ષ ઉમેદવાર તરીકે ના ધારાસભ્યશ્રીને ચુંટણી માં ચુટીને મોકલ્યા પરંતુ ધાનેરામાં અનેક સમસ્યાઓ છે .પણ કોઈ હલ થતી નથી . આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, બસ સ્ટેન્ડમાં અનેક જરૂરિયાત બસો બંધ છે અને અવર-જવર બંધ છે નવીન બસો બિનજરૂરી મુકેલ જે ખાલી જાય છે!!! ધાનેરામાં ગંદકી સફાઈ પીવાના પાણી વરસાદી પાણી ભરાવાની ખૂબ જ મોટી સમસ્યા છે પરંતુ આ બાબતે ચૂંટાયેલ ધારાસભ્ય શ્રી કોઈ જ ધ્યાન આપતા નથી અને આ બાબતે નગરપાલિકામાં પણ કોઈ રજૂઆત કરતા નથી ફક્ત પોતાના મિત્રો સાથે ફોટા પડાવમાં વ્યસ્ત જોવા મળે છે!!! તો ચૂંટણી પહેલા પ્રજાને આપેલ વાયદાઓ પર ધ્યાન આપે અને ઓફિસના કાર્યાલય માં આવીને બેસે પણ ધારાસભ્ય ક્યારેક ઓફિસ નાં કાર્યાલય પર જોવા મળતા નથી તો ઓફિસ નાં કાર્યાલય પર આવીને બેસે અને લોકોને પડતી સમસ્યાઓ પર ધ્યાન આપે તેવી લોકોની માંગ છે.

# પાલનપુર નગરપાલિકાના સભ્યએ પાર્ટીને પૂછ્યા વગર રાજીનામુ આપનારને જ કોંગ્રેસે આપી ટીકીટ!

### વોર્ડ નં.૪માં પેટા ચૂંટણી માટે જવાબદારને રિપીટ કરતી કોંગ્રેસ

પાલનપુર તા.૨૫

પાલનપુર નગરપાલિકામાં વોર્ડ નં.૪ માં થી કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજેતા બની પાર્ટીને પૂછ્યા વગર રાજીનામુ ધરી દઈ પાર્ટીને ક્ષોભજનક પરિસ્થિતિમાં મુકી પેટા ચૂંટણી માટે જવાબદાર બનેલાને જ કોંગ્રેસે રિપીટ કરી ઉમેદવાર બનાવતા કોંગ્રેસમાં અસંતોષની આગ ભડકે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં.૪ માં કોંગ્રેસના નગરસેવક મહંમદ મનસુરીએ પાર્ટીને પૂછ્યા વગર નગરપાલિકામાંથી સભ્યમાંથી રાજીનામુ ધરી દીધું હતું. જેને પગલે આજે પેટા ચૂંટણી યોજાઈ રહી છે. ત્યારે પેટા ચૂંટણીમાં કોંગ્રેસે અન્ય સક્ષમ ઉમેદવારોને નજર અંદાજ કરી ફરીથી મહંમદભાઈ મન્સૂરીને રિપીટ કરી ટિકિટ આપતા કોંગ્રેસમાં અસંતોષ ફેલાયો છે.

રાજીનામું આપનારને જ ફરી ટીકીટ આપતા તેઓ ફરી એવું નહિ કરે તેની શી ખાતરી? તેવા સવાલો કોંગ્રેસી કાર્યકરોમાં ચર્ચાસ્પદ બન્યા છે. જો સભ્ય રહેવું જ હતું તો રાજીનામુ કેમ આપ્યું હતું ? આ પેટા ચુંટણીનો ખર્ચો સરકારને અને ઉમેદવારોને મહંમદ ભાઇના તઘલખી વિચારથી જ થયો છે. ત્યારે વોર્ડ નં. ૪ ના મતદારોએ ભલે આપ જીતે, ભાજપ જીતે કે અપક્ષ જીતે તો વાંધો નહિ પણ તઘલખી વિચાર ધરાવનાર અને તઘલખી જવાબો આપનાર મહંમદભાઈ મન્સૂરી અને એમની કોંગ્રેસને ઘરભેગા જ કરવા જોઈએ તેવી કોમેન્ટો સોશિયલ મીડિયામાં વહેતી થવાની સાથે ટીકીટ ન મળતા નારાજ ઉમેદવાર પાર્ટીમાંથી રાજીનામુ આપવા જઈ રહ્યા હોવાના અહેવાલો વચ્ચે કોંગ્રેસ માટે પેટા ચૂંટણી પ્રથમ ગ્રાસે મક્ષિકા પુરવાર થઈ રહી છે.

# પ્રાંતિજ ખાતે વાલ્મીકી સમાજ દ્વારા આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ તા.૨૫

પ્રાંતિજ ખાતે રહેતા સમગ્ર વાલ્મીકિ સમાજ દ્વારા અમદાવાદના નરોડા ખાતે આવેલ સ્વપ્લીન કોમ્પલેક્ષ માં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતી સ્વ.અનિતાબેન વિનોદભાઈ વાઘેલા ને તા.૧૮।૭।૨૦૨૩ ના રોજ કેટલાક અજાણ્યા સખ્સો દ્વારા બળાત્કાર કરી તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી દેતા સમગ્ર મામલે દેશભરમા અજાણ્યા સખ્સો સામે ધિક્કાર વરસી રહ્યો છે અને ઠેરઠેર વાલ્મીકિ સમાજ ના વિવિધ સંગઠનો તથા લોકો દ્વારા આરોપીઓને ઝડપી પાડવા તથા તેવો ને જાહેર મા ફાંસીની સજા કરવાની માંગ સાથે આજે પ્રાંતિજ ખાતે રહેતા સમસ્ત વાલ્મીકિ સમાજ દ્વારા આજે પ્રાંતિજ પ્રાંન્ત કચેરી ખાતે એકઠા થયા હતા પ્રાંતિજ સમગ્ર વાલ્મીકિ સમાજ દ્વારા આ ધટના ને કાઢી હતી અને ધટના સંદર્ભે દુઃખદ લાગણી વ્યકત કરી હતી અને આ કામના આરોપીઓને ઝડપી પકડી પાડીને તેવોની ધરપકડ કરી તેવોને જાહેરમા ફાંસી ની સજા થાય તેવી માંગણી કરી હતી તો આ પ્રસંગે વાલ્મીકિ સમાજ ના આગેવાન તથા પ્રાંતિજ નગર પાલિકાના પ્રમુખ ભરતભાઈ સોલંકી , ગોહિલ દર્શનભાઇ, રાજેશભાઇ, પિયુષભાઇ ચૌહાણ, શભુપ્રસાદ, મહેશભાઈ ચૌહાણ સહિત પ્રાંતિજ ખાતે રહેતા વાલ્મીકિ સમાજ ના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એમ.એન.ડોડીયા ને આવેદનપત્ર આપી મૌખિકમાં રજુઆતો પણ કરી હતી.

# ડીસા નજીક લોકમાતા બનાસ નદીના નીરના વધામણાં : ભૂગર્ભ જળ ઊંચકાયા



ડીસા, તા. ૨૫

બનાસકાંઠાની એક સમયની જીવાદોરી સમાન બનાસ નદી લાંબા સમયથી સૂકી ભઠ હતી પરંતુ આ વર્ષે ઉપરવાસમાં સારો વરસાદ થતાં બનાસ નદી ઉપર બાંધેલ દાંતીવાડા ડેમ ભરાઈ જતા બનાસવાસીઓમાં આનંદ છવાયો છે.દાંતીવાડા ડેમમાં રુલ લેવલ કરતા વિશેષ પાણી આવી જતા બે દિવસ અગાઉ દાંતીવાડા ડેમના બે દરવાજા ખોલી પાણી બનાસ નદીમાં છોડવામાં આવ્યું હતું આ પાણી ડીસા નજીક આવી પહોંચતા ધારાસભ્ય પ્રવીણ માળી સહિત ભાજપના ડીસા શહેર અને તાલુકાના કાર્યકરો હોદેદારો બનાસ નદીના વધામણાં કરવા પહોંચી ગયા હતા અને હર્ષભેર બનાસના પાણીને વધાવ્યા હતા અને જણાવ્યું હતું કે આ વર્ષે મેઘરાજાની અમીદ્રષ્ટિના કારણે દાંતીવાડા ડેમ સંપૂર્ણ ભરાઈ જવા પામ્યો છે અને બનાસ નદીમાં પાણી છોડવામાં આવતા તે વહેતી થઈ છે જેના લીધે જમીનના તળ રિચાર્જ થશે. બોરવેલમાં પાણી ઊંચા આવશે અને ખેડૂતોને ફાયદો થશે તેમજ જો બનાસ નદી બે માસ સુધી વહેતી રહેશે તો સમગ્ર જિલ્લામાં બોરવેલમાં પાણીનું લેવલ વધશે. સાથે સાથે પ્રવીણ માળીએ આ પાણીથી ખેડૂતો તેમના જુના બોર રિચાર્જ કરે તે પણ જરૂરી હોવાનું જણાવ્યું હતું.